પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧ | ૧૨ એપ્રિલ, ૨૦૧૭, બુધવાર ; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કેજરીવાલ વિરૂદ્ધ ધરપકડ વોરંટ જાહેર

આસામની સ્થાનિક કોર્ટે દિલ્હીના સીએમ અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ધરપકડનું જામીનપાત્ર વોરંટ જાહેર કર્યુ છે. અપરાધિક માનહાનીના કેસમાં ચાલી રહેલા કેસ દરમ્યાન અરવિંદ કેજરીવાલ હાજર ન રહેતા આ વોરંટ બહાર પાડવામાં આવ્યું છે.

### 'બુરખો' ગોલ્ડન ગ્લોબ્સમાં ચમકશે

પ્રકાશ ઝાના પ્રોડકશનમાં તૈયાર થયેલી અને ભારતમાં પ્રતિબંધિત ફિલ્મ 'લિપસ્ટીક અન્ડર માય બુરખા'ને પ્રતિષ્ઠિત એવોર્ડ સમારંભ ગોલ્ડન ગ્લોબ્સમાં જગ્યા આપવામાં આવી છે. આ ફિલ્મનું અહીં સ્ક્રીનીંગ થશે.

### સલામાન બનશે બજરંગબલીનો અવાજ

'હનુમાન ધી દમદાર' નામથી રીલિઝ થનારી ફિલ્મમાં બોલીવુડના સુપરસ્ટાર સલામાનખાનો હનુમાનજીના પાત્ર માટે અવાજ આપ્યો છે. 'હનુમાન...'એક એનિમેશન ફિલ્મ છે. સુચી નારાયણ દ્વારા લીખીત આ ફિલ્મ ભારતમાં ૧૯મી મે ના રોજ રીલીઝ થશે.

# કુલભૂષણને બચાવવા ભારત કંઈપણ કરશે

**આઉટ ઓફ વે જઇને કુલભૂષણને બચાવાશે : સુષ્મા સ્વરાજનો ટંકાર : સંસદમાં કુલદીપ મામલે ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબમાં પહેલા ગૃહમંત્રી રાજનાથસિંહ અને બાદમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે ભારત સરકારનું વલણ સ્પષ્ટ કર્યું**



નવી દિલ્હી,તા. ૧૧

ભારતીય નોવીના પૂર્વ અધિકાર કુલભૂષણ જાદવને ફાંસીની સજા આપવાના નિર્ણયની જાહેરાતના પગલે જ બંને દેશો તરફથી તીવ્ર પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. જ્યાં એક તરફ આજે ભારતીય સંસદમાં પહેલા ગૃહમંત્રી રાજનાથસિંહ દ્વારા અને બાદમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ દ્વારા એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, કુલભૂષણ ભારત આખાના સંતાન છે અને તેમને બચાવવા માટે આઉટ ઓફ વે જઈને પણ જે કંઈપણ કરવું પડશે તે કરવા ભારત સરકાર તૈયાર છે. આ સાથે જ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે ત્યાં સુધી કહ્યું કે, જો પાકિસ્તાન આમ કરશે તો બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો ઉપર પણ તેની અસર થશે. પાકિસ્તાન તરફથી વડાપ્રધાન નવાઝ શરીફે આ મામલે કહ્યું છે કે, પાકિસ્તાન એક શાંતિપ્રિય દેશ છે આમ છતાં પણ જો દેશને કોઈ ધમકી આપવામાં આવશે તો આ ધમકીનો પ્રતિકાર કરવા માટે દેશ સક્ષમ છે. આમ પાકિસ્તાન દ્વારા કુલભૂષણ જાદવને ફાંસીની સજા આપવાના નિર્ણયની જાહેરાતની સાથે જ બંને દેશો વચ્ચેના સંબંધમાં ફરી

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં ૨૪ કલાક વિજળી આપવા નિર્ણય

**કેબિનેટની બીજી બેઠકમાં લેવાયેલો નિર્ણય :૧૫મી જૂન સુધીમાં પ્રદેશના તમામ રસ્તાઓને ખાડામુક્ત કરાશે : ખરાબ ટ્રાન્સફોર્મર પણ બદલી નાંખવામાં આવશે**

લખનૌ,તા. ૧૧

ઉત્તરપ્રદેશના મુખઅયમંત્રી તરીકે સત્તા સંભાળ્યા બાદ યોગી આદિત્યનાથે આજે તેમની બીજી કેબિનેટ બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે ઓક્ટોબર ૨૦૧૮ સુધીમાં તમામ જિલ્લામાં ૨૪ કલાક વિજળી આપવાની દરખાસ્તને મંજુરી આપી છે. આ સાથે જ તેમણે રાજયમાં જેટલા પણ બોર્ડ નિગમો કાર્યરત છે તેમાં અખિલેશ સરકાર સમયે ૧૦ કરોડથી વધુની રકમના જે કોઈપણ કામો કરવામાં આવ્યા છે તેનું ઓડિટ કરાવવાની પણ જાહેરાત કરી છે. યોગી સરકારના મંત્રી અને પ્રવક્તા શ્રીકાંત શર્માએ કેબિનેટમાં લેવાયેલા નિર્ણયો મામલે માહિતી આપતા કહ્યું કે, ઓક્ટોબર ૨૦૧૮ સુધીમાં પ્રદેશના તમામ જિલ્લાઓમાં ૨૪ કલાક વિજળી આપવાનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો જેને કેબિનેટે મંજુરી આપી છે. આ ઉપરાંત અખિલેશ સરકારમાં ૧૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતના જે કામોને મંજુરી આપવામાં આવી હતી તેમાં નોઈડા, યમુના ઓથોરિટી લખનૌ, કાનપુર, ગાઝિયાબાદ ઓથોરિટીની પણ તપાસ કરવામાં આવશે. કેબિનેટ દ્વારા પ્રદેશમાં હવે ૭૨ કલાકની જગ્યાએ ૪૮ કલાકની અંદર તમામ ખરાબ ટ્રાન્સફોર્મર બદલવાનો પણ નિર્ણય લેવાયો છે. ૧૫મી જૂન સુધી ઉત્તરપ્રદેશના તમામ રસ્તાઓને ખાડાથી મુક્ત કરાવવા અંગેની રજૂ

● અનુસંધાન પાન-૭ પર

# એનડીએ ૨૦૧૯ની ચૂંટણી મોદીના નેતૃત્વમાં જ લડશે

**પીએમ સાથેની ડિનર બેઠકમાં સર્વાનુમતે પ્રસ્તાવ પસાર : બેઠકમાં એનડીએનું ફલક વિસ્તારવાનો નિર્ણય : ૨૦૧૯ની ચૂંટણીઓ પણ પૂર્ણ બહુમતથી જીતવાનો સૌને આશાવાદ**



નવી દિલ્હી, તા.૧૧

એનડીએના ૩૩ રાજનીતિક દળોના સમૂહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વને દેશહિતમાં ગણાવ્યું અને ૨૦૧૯ની ચૂંટણીઓ મોદીના જ નેતૃત્વમાં એક સંપ થઈ લડવા અને જીતવા માટેનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. મોદીના નેતૃત્વમાં એનડીએના સમૂહની યોજાયેલી ડિનર બેઠકમાં આ પ્રસ્તાવ પસાર કરાયો હતો. બેઠકમાં એનડીએનું ફલક હજુ વધુ વિસ્તારવા પર પણ ભાર મૂકાયો હતો. આ ડિનર બેઠકનું રાજનીતિક મહત્વ એ પરથી લગાવી શકાય કે, આજે મંગળવારે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ પણ વિપક્ષી નેતાઓને ડિનર પર આમંત્રણ આપ્યું છે. સોમવારે રાત્રે ભાજપ સહિત એનડીએના ૩૩ રાજનીતિક દળો દિલ્હીના પ્રવાસી ભારતીય કેન્દ્રમાં એકત્ર થયા હતા. જેમાં ગોવાના દળનો પણ

● અનુસંધાન પાન-૭ પર





